# સાંદિપની-વાલ્મિકી-વેદવ્યાસ-અત્રિ-વશિષ્ટ-વિશ્વામિત્ર શાળા વિકાસ સંકુલ, મહેસાણા.

## દ્વિતીય વાર્ષિક પરીક્ષા - ૨૦૨૫

તારીખ : ૩૧/૦૧/૨૦૨૫ — કુલ ગુણ: ૫૦

વાર : શુક્રવાર — ધોરણ : ૧૧ વિષય : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન — સમય : ૨ કલાક

### વિભાગ-A

★ **નીચેના વિકલ્પમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** 10

(1) વેપાર એ કઈ પ્રવૃત્તિ છે ?
(A) આર્થિક (B) બિન આર્થિક (C) ધાર્મિક (D) સામાજિક

(2) વિદેશી વીમા કંપનીઓ ભારતીય વીમા કંપનીમાં સીધેસીધું કેટલું રોકાણ કરી શકે છે ?
(A) 25% (B) 49% (C) 74% (D) 100%

(3) બેન્ક તરફથી ગ્રાહકને તેની શાખના આધારે કયું કાર્ડ આપવામાં આવે છે ?
(A) ડેબિટ કાર્ડ (B) ક્રેડિટ કાર્ડ (C) શાખપત્ર (D) ડિમાન્ડ ડ્રાફ્ટ

(4) હિન્દુ અવિભક્ત કુટુંબ પેઢીમાં સભ્યપદ કેવી રીતે મળે છે ?
(A) કરારથી (B) જન્મથી (C) મૂડી રોકવાથી (D) સંચાલન કરવાથી

(5) સહકારી મંડળીની સ્થાપના માટે ઓછામાં ઓછી કેટલી વ્યક્તિઓ હોવી જરૂરી છે ?
(A) 10 (B) 20 (C) 30 (D) 50

(6) નીચેનામાંથી કયું સ્વરૂપ જાહેર ક્ષેત્રનું નથી ?
(A) ખાતાકીય સંચાલન (B) વૈયક્તિક માલિકી
(C) જાહેર નિગમ (D) સરકારી કંપની

(7) કયું ધંધાકીય સ્વરૂપ સૌથી જૂનું ગણાય છે ?
(A) જાહેર સાહસો (B) ખાનગી સાહસો
(C) વૈશ્વિક સાહસો (D) જાહેર-ખાનગી ભાગીદારી

(8) ડિબેન્ચર હોલ્ડરો એ કંપની માટે શું કહેવાય ?
(A) માલિકો (B) દેવાદાર (C) લેણદાર (D) પ્રવર્તકો

(9) જથ્થાબંધ વેપારી અને ગ્રાહકો વચ્ચેની કડી એટલે.........
(A) ઉત્પાદક (B) દલાલ (C) છૂટક વેપારી (D) ગ્રાહક

(10) ટપાલ વ્યવહારી દુકાનો કેવી વસ્તુઓ માટે અનુકૂળ નથી ?
(A) કિમતી (B) વજનમાં હલકી (C) નાશવંત (D) ટકાઉ

### વિભાગ-B

★ **નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર લખો. (પ્રત્યેકનો 1 ગુણ)** 5

(11) માહિતીના સુપર હાઈ-વે તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(12) SEBIનું પૂર્ણરૂપ આપો.

(13) ધંધાના સાચા માલિકો કયા શેર હોલ્ડરો છે ?

(14) આંતરિક વેપારનો અર્થ આપો.

(15) સ્વયં સંચાલિત વેચાણયંત્રની શોધ કોણે કરી હતી ?

### વિભાગ-C

★ **નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (ગમે તે પાંચ) (પ્રત્યેકનો 2 ગુણ)** 10

(16) આર્થિક પ્રવૃત્તિનો અર્થ અને ઉદાહરણ આપો.

(17) વીમાના સિદ્ધાંતોની યાદી આપો.

(18) ટૂંકનોંધ લખો : RTGS

(19) "સહકારી મંડળીને લોકશાહીની તાલીમશાળા કહેવાય છે." – વિધાન સમજાવો.

(20) બીજા દેશમાંથી ભારતમાં આવીને ધંધો કરતાં બે વૈશ્વિક સાહસોના નામ આપો.

(21) પ્રેફરન્સ શેરના પ્રકારો જણાવો.

(22) કમ્પ્યૂટર નેટવર્કના માત્ર નામ આપો.

Master Classes Chirag Prajapati 98241 49446

(23) ખાતાકીય સંચાલન (સરકારી ખાતુ)નો અર્થ અને ઉ.દા. આપો.

## વિભાગ-D

**★ નીચે આપેલા પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. (ગમે તે પાંચ) (પ્રત્યેકનો 3 ગુણ)** **15**

(24) ધંધાના લક્ષણો સમજાવો. (ગમે તે છ)

(25) બેન્ક ખાતાના પ્રકારો વિશે નોંધ લખો.

(26) Online વ્યવહારના નાણાંની ચૂકવણી કઈ-કઈ રીતે થઈ શકે ?

(27) તફાવત લખો :
વૈયક્તિક માલીક – ભાગીદારી પેઢી (ત્રણ મુદ્દા)

(28) સહકારી મંડળીના ફાયદા જણાવો. (છ મુદ્દા)

(29) જાહેર ક્ષેત્રની બદલાતી જતી ભૂમિકા વિશે નોંધ લખો.

(30) તફાવત લખો.
ઈક્વિટી શેર – પ્રેફરન્સ શેર (ત્રણ મુદ્દા)

(31) ફરતી દુકાનોના વિવિધ પ્રકાર સમજાવો.

## વિભાગ-E

**★ નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો. (ગમે તે બે) (પ્રત્યેકનો 5 ગુણ)** **10**

(32) તફાવત આપો :
ખાનગી કંપની – જાહેર કંપની (પાંચ મુદ્દા)

(33) ઈક્વિટી શેરની લાક્ષણિકતાઓ વિગતવાર સમજાવો.

(34) "આધુનિક યુગમાં શોપિંગ મોલ ગ્રાહકના આકર્ષણનું કેન્દ્ર બની ગયા છે." – ગ્રાહકના મતે મોલમાંથી ખરીદી કરવામાં વધુ ફાયદો થાય છે. શું આપ આ વાત સાથે સહમત છો ? – તમારા વિચારો રજૂ કરો.

●●●

Master Classes Chirag Prajapati 98241 49446